તેની સિદ્ધિ અન્યવ્યાકરણકારોના નિયમથી સમજવી જોઈએ; અર્થાત્ એ માટે વૈયાકરણોની પરંપરા જ પ્રમાણ છે. એનાથી જ સંયોગાદિ સંજ્ઞાઓ વગેરે સિદ્ધ છે. ॥૩॥

**औदन्ताः स्वराः १।१।४॥**

'अ' થી 'औ' સુધીના દરેક વર્ણોને સ્વર સંજ્ઞા થાય છે. સૂત્રમાં 'स्वराः' આ બહુવચનનો નિર્દેશ 'अ ३' 'इ ३' ઈત્યાદિ પ્લુત વર્ણોને પણ 'स्वर' સંજ્ઞાનું વિધાન કરવા માટે છે. ॥૪॥

**एक-द्वि-त्रिमात्रा ह्रस्व-दीर्घ-प्लुताः १।१।५॥**

એક -હ્રસ્વ વર્ણના ઉચ્ચારણ માટે જેટલો સમય લાગે છે તેને 'માત્રા' કહેવાય છે. જે સ્વરનું ઉચ્ચારણ કરવા માટે એક માત્રા થાય છે તે સ્વરને '-ह्रस्व' કહેવાય છે. જે સ્વરનું ઉચ્ચારણ કરવા માટે બે માત્રા થાય છે. તે સ્વરને 'दीर्घ' કહેવાય છે. અને જે સ્વરનું ઉચ્ચારણ કરવા માટે ત્રણમાત્રા થાય છે, તેને 'प्लुत' કહેવાય છે. अ इ उ ....ઈત્યાદિ -હ્રસ્વ છે. आ ई ऊ .. ઈત્યાદિ દીર્ઘ છે. અને आ ३ ई ३ ऊ ३ ... ઈત્યાદિ પ્લુત છે.॥૫॥

**अनवर्णा नामी १।१।६॥**

'अ' વર્ણને છોડીને બીજા સ્વરોને નામિસંજ્ઞા થાય છે. 'इ' થી 'औ' સુધીના સ્વરો 'નામિ' કહેવાય છે. ('अनवर्णा नामी' આ સૂત્રમાં 'अनवर्णाः' આ બહુવચનાન્ત પદ છે; અને 'नामी' આ એકવચનાન્ત પદ છે. આ પ્રમાણે અહીં જે વચનનો ભેદ છે તે, 'જ્યાં કાર્યી સ્વરની અપેક્ષાએ કાર્ય સ્વર ન્યૂન હોય છે ત્યાં નામિસંજ્ઞાશ્રિત કાર્ય થતું નથી અર્થાત્ કાર્યી સ્વરને, ત્યાં નામિસંજ્ઞા થતી નથી.' એ જણાવવા માટે છે. 'भू' (૧ લો ગણ)+अ (शप्) +